कलि दिग्दर्शन.

ॐ श्री अमोघसिद्धये नमोनमः

वेद सनातन स्वधर्म

श्री गायत्री पुरश्चरणालय (व) स्वानंदोद्भव बुद्धिस्थान

वेद विद्यालय. श्री गणपति मंदिर, लुणावाडा.

ग्रंथांक २४.

વેદ સનાતન ધર્મની ચાતુર્વર્ણ્ય પ્રજાને તથા બ્રહ્મવિદ્યા-
જ્ઞાનના વિલાસી અધિકારી સજ્જન ભક્તરાજ, મુમુક્ષુ
બંધુઓને કલિયુગના અધર્માચારથી જાગૃત રહેવા.

कलि दिग्दर्शन.

લેખક,

બ્રહ્મવિદ્વરિષ્ઠ બ્ર. બ્ર. શ્રીમત્ પૂર્ણાનંદસ્વરૂપ મહારાજ,
મુ. લુણાવાડા.

પ્રસિદ્ધકર્ત્તા,

છોટાલાલ કાળીદાસ, લેનવાળા—લુહાણામિત્રમંડળના મેમ્બર
મુ. સુરત.

સંવત્ ૧૯૬૯. સને ૧૯૧૩.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૫૦૦.

કીંમત રૂ. ૦-૨-૦.

અમદાવાદ

ધી "ગુજરાત" પ્રીન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

ॐ श्रीवरदमूर्तये नमः ॥

॥ अर्पण पत्रिका ॥

પરમ પુજ્ય પરમતીર્થસ્વરૂપ બ્રહ્મવિદ્વરિષ્ટ શ્રીમન્ બ્ર. બ્ર. **શ્રીપૂર્ણનન્દ સ્વરૂપ મહારાજની** પવિત્ર સેવામાં, હાલ મુ. સુરત.

कलि महात्म्य (ગુજરાતી નળાખ્યાનમાંનું) પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરી ચાલુ વર્ષની જન્માષ્ટમીને દિવસે આપશ્રીના વ્યાખ્યાન સમયે સભાજનોને પૂર્ણપ્રેમથી અર્પણ કરતાં આપશ્રીની પાસે "**कलि दिग्दर्शन**" નામની બુક જોઈ, જેથી સાંપ્રત સમયના મુમુક્ષુ બંધુઓના લાભાર્થે સાંપ્રત સમયમાં વૃદ્ધિને પામતા કલિકાળના અધર્માચારથી જાગૃત રહેવા આ પુસ્તક સુરતની શ્રદ્ધાળુ, ભાવિક અને સંતસમાગમની પ્રેમીપ્રજાના હૃદયના આનંદને માટે પ્રસિદ્ધ કરવા મારી ઇચ્છા થઈ જે આપે કૃપા કરી પૂર્ણ કરી તો મારા પુન્ય પિતાશ્રી કાળીદાસ ઉર્ફે વનમાળીદાસ દયારામના સ્મરણાર્થ તથા મારા પ્રિય બંધુ ઉત્તમભાઈ કાળીદાસના કલ્યાણાર્થ, સંતસેવારૂપે આ લઘુ ગ્રંથરૂપ પુષ્પમાળ આપના પવિત્ર કંઠમાં સવિનય પ્રેમપૂર્વક અર્પણ કરૂં છું. તો આપ સ્વિકારશો. અને સેવકને પૂર્ણ આભારી કરશોજી એજ વિનંતી.

સુરત—નવાપુરા નાગરદાસની શેરી ભાદરવા સુદી ૪ ગુરૂવાર સં. ૧૯૬૯. (ગણેશ ચતુર્થિ.)

આપનો આજ્ઞાંકિત સેવક,

છોટાલાલ કાળીદાસ લેનવાળા

ના સાષ્ટાંગ પ્રણામ.

ॐ શ્રી ગણેશાય નમઃ ॥ ૧ ॥

સ્વાનંદ ભૂમિકા—

ચોરાશી લક્ષ યોનીમાં ઊત્તમોત્તમ એવા નરજન્મમાં પુરૂષનો અવતાર અતિ દુર્લભ છે. તેમાં પણ દ્વિજ સંજ્ઞાથી વૈશ્ય અને તેથી ઊત્તમ ક્ષત્રી અને તેથી પણ શ્રેષ્ટતર બ્રાહ્મણનો પુરૂષ અવતાર દુર્લભ છે. તેમાં પણ **આદૌ નિર્વિઘ્નતા સિધ્યર્થં શ્રીમન્મહાગણપતિ સ્મર્ણં ચ કરિષ્યે** ત્યાંથી લગાયત ॐ **તત્સત્ બ્રહ્માર્પણમસ્તુ** પર્યંત યથાવિધિ વૈદિક કર્મ કરનાર અતિ દુર્લભ છે. તે સર્વમાં વિદ્વાન્ શાસ્ત્રનિપૂણ સાક્ષર દુર્લભ છે. વિદ્વાનોમાં સારાસાર અથવા આત્મા અને અનાત્માનો વિચાર કરી સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે વિવેકબુદ્ધિથી જોઇ અંગીકાર કરનાર દુર્લભ છે. અને તેમાં પણ બ્રહ્માનંદમાં તદ્દરૂપભાવથી એટલે સ્વસ્વરૂપાવસ્થાના જીવન્મુક્ત સ્થિતિના જ્ઞાનથી જીવ બ્રહ્મની ઐક્યતા જાણનાર પુરૂષ અતિવ દુર્લભતર છે. આવી સ્થિતિના અનુભવમાં સદોદીત રમનાર જીવન્મુક્તિનું પરમ સુખ અનુભવનાર પણ ઘણા કાળે પરમગતિ મુક્તિને પામે છે. માટે મુક્તિ તો પરમજ દુર્લભ છે.

આવી રીતે ધર્મશાસ્ત્રના વક્તા શ્રીમન્મનુમહારાજ તથા શ્રીમદ્ ભગવત્ગીતા તથા શ્રીમન્ ભગવન્ ભાષ્યકાર શ્રીશંકરાચાર્ય સ્વામી માહારાજ પોતાના અનેક ગ્રંથોમાં દર્શાવી ગયા છે, એમ મુક્ત સ્થિતિના જ્ઞાનથી પૂર્ણતા ભોગવવી દુર્લભ છતાં તે જ્ઞાનના પરમશ્રેષ્ટ અધિકારી મનુષ્ય દેહધારી જીવાત્મા છે. અને તે ઉપર બતાવ્યા

પ્રમાણે અનુક્રમે ઉત્તરોત્તર સ્થિતિએ આવતાં અંતે મુક્ત સ્થાનના અનુભવ કરી શકે છે.

આ મુક્ત સ્થિતિના પરમ અનુભવમાં રમનાર અને બ્રહ્મસ્વરૂપના જ્ઞાનથી પરમ જાગૃત તે જીવન્મુક્ત સંત–મહાત્મા પુરૂષજ બ્રહ્મવેત્તા–તત્ત્વવેત્તા–કે સાક્ષાત્ પરમાત્મા સ્વરૂપજ છે. અને તેમનું સેવન કરનાર યાને સમાગમમાં આવી જાગૃત થનાર પણ ઉપર વર્ણવેલી મુક્ત સ્થિતિનેજ પામે છે.

આવી રીતે જીવન્મુકત સ્થિતિના પરમ આનંદ સુખનો અનુભવ કરનાર બ્રહ્મવેત્તા યોગીઓ દેહપ્રારબ્ધ દૃષ્ટિના ગૌણ ભાનમાં પ્રારબ્ધ દેહ સબંધીના અંતપર્યંત ભલે ગ્રામમાં વીચરો–કે જંગલમાં રખડો–તેમને તો સર્વ સમાન છે. છતાં વધારે બલવાન ભાવનાએ અતિ જાગૃતીરૂપ અનુભવને ધારણ કરી હંસસ્વરૂપે આ મિથ્યા સંસારમાં માત્ર લોકકલ્યાણાર્થે એટલે અધિકારી મુમુક્ષુ સજ્જન ભકતરાજ નરનારીજનોને માત્ર આત્મજ્ઞાનનો અને નવધા એકરસ ભકિતનો ઉપદેશ કરી સ્વધર્મ મર્યાદા સેવતા અને સેવડાવતા પૃથ્વી ઉપર વિચરે છે. તેમના સ્વરૂપને માત્ર ભક્તજનો જાણે છે. પામર વિષયી બુદ્ધિવાળા પોતાના દેહઅભિમાનવાળી બુદ્ધિએ તેમને પોતાના જેવા ધારે છે–પણ જેમ કમળાવાળો પુરૂષ સર્વ વસ્તુમાં પીળાસ દેખે છે–તેમ પોતે શાસ્ત્રવિચાર, સ્વધર્મમર્યાદા, પ્રેમપૂર્ણ રસભકિત અને સર્વવ્યાપક તત્વજ્ઞાનથી રહિત હોવાથી જડ બુદ્ધિને લીધે પોતાના જેવા લેખવે છે, પણ તેથી જેમ ધૂળ ઉરાડનાર સૂર્યને ઢાંકી શકતો નથી તેમ તે પામર વિષયી બુદ્ધિનો જીવ તે જીવન્મુક્ત સ્વરૂપ સંતમહાત્માઓના ઉત્તમ

બોધકાર્ય ચરિત્રની લોકકલ્યાણાર્થ ભાવનાને ઢાંકી શકતો નથી પણ પોતે ઊલટો સંતસમાગમનો ત્યાગ કરવાથી પોતે મનુષ્યાવતારરૂપે છતાં પોતાનું કલ્યાણ કરી શકતો નથી–જેમ બગલાઓ મચ્છીના ભોગી હોઇ મોતીનો ચારો ચરી શકતા નથી. તે તો માત્ર હંસજ ચરે છે. તેમ પામર વિષયી બુદ્ધિવાળા બગલાઓ ઉત્તમ ભક્તિજ્ઞાનનો અભેદ આનંદ આત્મરસ ચાખી શકતા નથી. તે તો માત્ર અધિકારી પુરૂષોનોજ ભોગ છે–કેમકે તેવા સજ્જનોની દેહદર્શિ બુદ્ધિ હોતી નથી.

એવા મહાત્મા પુરૂષો આ મિથ્યા સંસારની અનેક ભોગોની વાસનાનો ત્યાગ કરતા, સ્વધર્મની વૃદ્ધિ ઇચ્છતા, ભક્તિજ્ઞાનનો પ્રકાશ કરતા, અને અનુભવી પુરૂષને વેદશાસ્ત્ર સ્મૃતિપુરાણનો અનુભવરસ ચખાડતા. હાથીની પેઠે વીચરે છે. તેથી દયા ક્ષમા દષ્ટિએ પામર વિષયી બુદ્ધિના વિચારવાળાઓ તરફ ઉદાસીન ભાવનાએ જોઇ માત્ર કલ્યાણજ ચ્હાય છે. એ તેમની મહત્તા છે.

આમ માત્ર લોક કલ્યાણાર્થે સનાતનધર્મનો ઉદ્ધાર કર્તા, ભક્તિજ્ઞાનનો પ્રકાશ પ્રસરાવતા, અને પ્રારબ્ધ દેહના અંતપર્યંત વિચરતા–મહા બલવાન બોધક યોગી સદ્પુરૂષો વંદનીય છે. કેમકે કેટલાએક યોગીઓ વનમાં વીચરે છે–ત્યારે તેઓ પોતાના આત્મબંધુઓને પોતાના અમૃત જ્ઞાનભક્તિરસનો લાભ આપી શકતા નથી. કેમકે કાંતો શાસ્ત્રજ્ઞાનથી રહિત હોય અગર શાસ્ત્રજ્ઞાનથી જાગૃત હોય છતાં તીતીક્ષા સહન કરી શકવાની શક્તિ ઓછી હોય–તેથી પામર વિષયીના ભડોળવાળા જગતમાં વીચરતાં તેમના સહવાસમાં માનાપમાન સહન ન થઇ શકવાથી–વા દષ્ટિસિદ્ધ ન હોવાથી વા એવા એવા મજબુત કારણોથી મનુષ્ય સમુહથી દૂરજ વસે છે. તેથી કદાપી પાંદડાની પેઠે પોતે તરી

શકે પણ અન્યને તારવા સમર્થ નથી. ભલે તે વંદનીય છે—પણ નાવ સરખા પોતે તરતા અને અન્યને તારતા તેમના સમાન નથી. તેવા મહત્ પુરૂષો વિશેષ માનને લાયક શાસ્ત્રકારે ગણ્યા છે. અને તેઓ વસિષ્ટ, અષ્ટાવક્ર, યાજ્ઞવલ્ક્યની પેઠે જગતમાં વિચરી સાધુ સ્વરૂપે જીવન ગાળી સજ્જનોને બોધ આપી જાગૃત કરતાજ ચાલે છે. તેથી તે કેવળ લોક કલ્યાણાર્થેજ છે.

આવા સંતમુક્તજનોને લોકસમુહમાં વીચરવાથી કષ્ટજ છે. પણ તેઓ દેહાધ્યાસથી રહિત હોવાથી કષ્ટને જોતાજ નથી તેમ લેખવતા પણ નથી. કેમકે આ કલિકાલમાં પામર વિષયીની બુદ્ધિએ વિચરનારા સેંકડે નેવુ ટકા માણસો છે. અને તેવા દેહાધ્યાસી સત્કર્મથી રહિત, સ્વધર્મથી રહિત, ભક્તિજ્ઞાનથી રહિત, અનાચાર ધર્મનું સેવન કરવાથી ભ્રષ્ટ થયેલા અને દેહરૂપ બનેલાઓ દેહસુધારાને સુધારો માનનારા સુધારાનું સત્ય સ્વરૂપ જાણતા નથી. તેથી તેવા જનોને બોધ કરતાં અને દુર્ગુણો ટળાવવાનો પ્રયત્ન કરતાં અને દુર્બુદ્ધિ વિચારોનો અટકાવ કરતાં તેઓ પોતાનું અપમાન માની પોતાનું કલ્યાણ ઇચ્છતા હિતેચ્છુ સાધુજનનું અપમાન કરે છે—નિંદા કરે છે—અર્થાત્ તેના સદ્બોધનું પોતે સેવન કરી સ્વધર્મ મર્યાદા પાળતા નથી—ભક્તિજ્ઞાનરસ સેવતા નથી—દયા ક્ષમા આદિ મહાન્ ગુણો ધારણ કરતા નથી—એટલુંજ નહીં પણ બીજાઓને તેમ કરતા અટકાવવાનો પ્રયત્ન કરે છે—પણ અધિકારી મુમુક્ષુઓ તો જાણે છે કે સંતજનો લોકકલ્યાણાર્થે વિચરે છે—માટે તેવા નિડર જનો તો સંત સમાગમનો કદાપી પણ ત્યાગ કરતા નથી. આમ નાના પ્રકારની વિટંબનાઓ સહન કરવાની શક્તિને ધારણ કરીને પણ લોકકલ્યાણ છોડતા નથી એવા મહાત્માઓ અવશ્ય વંદનીયજ છે.

સંસારમાંના અનેક ભુક્તીરૂપ પદાર્થોમાં રમતાં છતાં તે પદાર્થો વા ભોગો મિથ્યા છે. એમ જાણી તેનો મોહ જેને પીડા કરતો નથી વા તેની પ્રાપ્તિમાં માન, સુખ માનતા નથી, વા તેની અપ્રાપ્તિમાં અપમાન, દુઃખ પણ માનતા નથી, એવા જીવન્મુક્ત સંતપુરૂષો આદર યોગ્ય છે. કારણ એવા સંસારના અનેક ભોગો દુઃખકર્તા છે એમ માની દૂર વસનાર કરતાં તેમાં રહી તેના સુખ દુઃખમાં ન જોડાનાર વધારે બલવાન છે. વખતે ભુક્તીના પદાર્થોથી દુર વસતાં તેનો મોહ અંતરદગ્ધ કરે તેના કરતાં તે ભુક્તી પદાર્થોના સહવાસમાં રહેનારને તેનો મોહ પીડા કરતો નથી. કેમકે અતિ સહવાસથી મોહ ઉતરે છે. છતાં તેમની સાવચેતી એવા પ્રકારની હોય છે કે તેઓ યાવત્ સ્થાવર જંગમ પદાર્થોમાં સ્થાવર જંગમ બુદ્ધિનો ત્યાગ કરતાં વા ભોગોમાં ભોગ બુદ્ધિનો ત્યાગ કરતાં સર્વત્ર આત્મભાવથી જુએ છે—એટલે આત્મભાવમાં તેવી જડ ચૈતન્ય ભાવના કે ભોગ ભાવનાનો સંભવ નથી. કેમકે આત્મદષ્ટિમાં અભેદ અદ્વિતીય બુદ્ધિ છે. તેથી દ્વૈતાભાસનો સંભવ નથી. એવી જ્ઞાન જાગૃતીથી માત્ર લોક કલ્યાણાર્થ વિચરતાં છતાં પણ તેઓ અદ્વિતીયતા ભુક્તમાન કરે છે. એ તેમનું ચરિત્ર ઉત્તમોત્તમ છે અને અધિકારી સજ્જન ભક્તજનોનું કલ્યાણકર્તા છે.

આવા મોટા લોક કલ્યાણાર્થ અતિ ઉપયોગી પદાર્થરૂપ સંતજનોની મહત્તાને પામર વિષયી બુદ્ધિના જનો જાણતા નથી, એ મોટો અફસોસ છે. કેમકે તેવા જનોની બુદ્ધિ અધર્માચરણથી આચ્છાદીત થયેલી છે—અને તેથી તેવા અધર્માચરણકાલને કલિકાલ કહેવામાં આવે છે.

આવી અમૃતદષ્ટિ સ્થિર કરવામાં અધર્માચરણ કલિકાલ વિ-

ક્ષેપ સ્વરૂપ છે. માટે તેવા વિક્ષેપથી સાવચેતી રાખવાના અધિકારી મુમુક્ષુ બંધુઓની સંપૂર્ણ જાગૃતી હોવી જોઇએ-જેથી આ નાનો ગ્રંથ પ્રસિદ્ધ કરવાની આવશ્યકતા છે.

કાળ તો અખંડ સ્વરૂપ છે. છતાં તેમાં સ્વધર્મ અધર્મના સ્વરૂપનો નિર્ણય બતાવવાને ચાર યુગની (કાલ) ગણના શાસ્ત્રકારોએ કરી છે. અને તેઓ એક બીજા સાથે ગૌણ મુખ્યપણાથી જોડાયેલા છે. તે યુગોનાં નામ.

૧ સત્યયુગ, ૨ ત્રેતાયુગ, ૩ દ્વાપરયુગ, ૪ કલિયુગ.

સત્યયુગમાં સ્વધર્મના ચાર પાદ પરીપૂર્ણ સ્વધર્મયુકત હતા. પણ તે પછીના ઘણા લાંબા સમયે સત્યયુગની મર્યાદા પૂર્ણ થતાં ત્રેતાનો પ્રારંભ થતાં સ્વધર્મના ત્રણ પાદ મુખ્ય અને એક પાદ અધર્માચરણથી યુકત ગણાયો. અર્થાત્ $\frac{1}{4}$ ભાગ આર્ય પ્રજાની બુદ્ધિમાં અધર્મનો અધ્યારોપ થયો એમ ચાલતાં ચાલતાં ત્રેતાના અંતકાળમાં દ્વાપરયુગ પ્રવર્ત્ત થયો ગણાયો. તે કાળમાં સ્વધર્મના બે પાદ અને અધર્મના બે પાદ ગણાયા. એટલે આર્ય પ્રજામાં અડધો ભાગ અધર્માચરણથી યુકત થયો. અને માત્ર અડધો ભાગ સ્વધર્માચરણ સેવવા લાગ્યો તે પણ કાળ વ્યતિત થયો અને અંતનો કલિકાલ સાંપ્રત સમય આવ્યો જણાયો. તે કાળમાં આ આર્યપ્રજા માત્ર એક પાદ રૂપ $\frac{1}{4}$ સ્વધર્મમય દેખાવા લાગી છે. અને લગભગ $\frac{3}{4}$ ભાગ અધર્માચરણથી યુક્ત થઇ ગઇ છે. એટલે આરંભથી ત્રણ ભાગનો યોગ ચાલતાં ચાલતાં અત્યારે તો $\frac{1}{4}$ સ્વધર્મયોગને બદલે $\frac{1}{૧૦}$ જેટલો જણાય છે એ કલિકાલની વૃદ્ધિનું ચિન્હ છે. જેથી સ્વધર્મબલ કમી થતું જણાય છે. કલિનાં વર્ષ ૪૩૨૦૦૦ કલ્પેલાં છે. તેમાં લગભગ ૭૦૦૦

વર્ષ ગયાં ગણાયાં છે. તેમાં આ ચાલતી સ્થીતિનો અનુભવ કરતાં જે જણાય છે. તે અનુભવ સર્વ બંધુઓની ધ્યાનમાં છે એટલે લખવાની જરૂર નથી. પણ પાપાચરણ ૧૫/૧૬ જેટલું પ્રકાશમાં આવે છે. અને સ્વધર્માચરણનો ૧/૧૬ જેટલો બલકે તેથી પણ કમી જોવામાં આવે છે એ કલિયુગની બલિહારીજ છે.

અધર્માચરણનો નાશ કરવા અને સ્વધર્મનું પ્રતિપાદન કરી ધર્મ પ્રવર્ત્ત કરવા અને ધર્મબોધક સંત સાધુજનોનું તેમ તપ આદિનું સંરક્ષણ કરવા યુગે યુગે એટલે કાળે કાળે અર્થાત્ સમયે સમયે વા જ્યારે જરૂર હોય ત્યારે પરમાત્માના અવતારો થાય છે એ ભગવદ્-ગીતાનો સિદ્ધાંત સર્વના સમજવામાંજ છે. છતાં વિશેષ ખુલાસાની જરૂર પડે છે કે કાળ કાળમાં અધર્માચારના બલમાં જરૂરીયાત જેટલા અંશ. કલા વિગેરે યોગથી તે પરમાત્મા અનેક સ્વરૂપે અવતાર ધારણ કરી લોક કલ્યાણ ઇચ્છે છે. સ્વધર્મની વૃદ્ધિ થાય તેવી યોજનાઓ ઘડે છે. અને તેજ વિચારે અનેક પ્રકારના સંત સ્વરૂપમાં તત્વજ્ઞાનદાતા જીવન્મુક્ત સંત પુરૂષો જ્યારે બલવાન અવતારીક પ્રભુ છે એમ સ્વતઃસિદ્ધ સમજાય છે. કે તે અધર્માચરણનો નાશ કરવા અને સ્વધર્મબળને ઉછેરવા અનેક પ્રયત્નો કરતા કલિના સામા યુદ્ધ કરે છે અને ઘણાભાગે પોતાના અવતારીક બલથી કાર્યક્રમ સુધારી જાગૃતી આપી સ્વધર્મનો વધારો કરે છે. એટલે સંતજ પ્રભુરૂપ છે એ સ્વતઃસિદ્ધ છે. અને તેમનાજ સમાગમમાં અધિકારીજનો પ્રભુના સ્વરૂપને જાણવા સમર્થ થાય છે. સ્વધર્મમર્યાદાને તોડવાને આ કલિકાલમાં જે પુરૂષો સામા આવે છે અને અધર્માચરણ પ્રવર્તાવે છે. તેને કલિ રાક્ષસના સાગીત અર્થાત્ કલિરૂપ જ જાણો.

આ કલિકાલમાં અધર્માચાર કેવી રીતે પ્રવર્ત્યો છે અથવા પ્રવર્ત્તે છે તેના સ્વરૂપને સમજાવવા શ્રીમત્ વેદવ્યાસે ભવિષ્ય વાણીરૂપે આ કલિના અંતમાં અધર્મનો સમૂળો વિનાશ કરવા શ્રી પરમાત્મા કલ્કિ રૂપે અવતાર ધારણ કરશે. એવાં પ્રમાણો ઘણાક પુરાણોમાં પ્રસિદ્ધ છે, અને તે કલ્કિ ચરિત્ર કલ્કિ પુરાણમાં પ્રસિદ્ધ છે. તે કલ્કિ પુરાણમાં, કલિના અધર્માચરણનું સ્વરૂપ યથાર્થ રીતે શ્રીમત્ વેદવ્યાસજીએ વર્ણવ્યું છે તે આ સ્થાને પ્રસિદ્ધ કરવાની જરૂર છે. એટલુંજ નહિં પણ તે કલિના અધર્માચરણથી જાગ્રત રહેવા સ્વધર્મયુક્ત મુમુક્ષુ બન્ધુઓને સાવચેતી આપવાની પણ ખાસ જરૂર છે કે, કલિ સ્વરૂપ અધર્માચરણનો સત્વર ત્યાગ કરી પ્રભુની પ્રસન્નતારૂપ સ્વધર્મથી જાગ્રત થઇ સ્વધર્મ કર્મ ઉપાસના સાથે ભક્તિ જ્ઞાનરસ ઐક્ય બની જીવન્મુક્ત દશાનો અનુભવ કરી જન્મ મર્ણાદિક મહાકષ્ટમાંથી બચવા શ્રી મહાન્ કલ્યાણકારી પ્રભુના અવતારરૂપ જીવન્મુક્ત સંતપુરૂષોનો સમાગમ સેવશે, અને એવા યોગથી તથા બોધ યોગથી પરમાત્મામય થશેજ.

આ નાનાસરખા ટુંક વૃતાંતના ગ્રંથને પ્રસિદ્ધ કરવામાં મહાન્ ભગ્રપુણ્ય સમાયેલું છે એમ કહેવાને જરાપણ શંકા નથી.

મહાત્મા સંતજનોના પ્રસાદરૂપ આ ગ્રંથનો સ્વિકાર કરી કૃતાર્થ બનશે. એજ મારો આશય છે. અને સ્વધર્માચરણનું સેવન થતાં હું પણ આત્મબંધુઓ સાથે પોતાને કૃતાર્થ માનીશ.

સુરત—દયાળમાલવીની વાડી.
મીતી ભાદરવા શુદી ૪
(ગણપતી ચતુર્થિ)
સંવત ૧૯૬૯. સન ૧૯૧૩.

પ્રસિદ્ધકર્તા.

ॐ श्री सद्गुरवे नमोनमः ॥



॥ कलि दिग्दर्शन ॥

ॐ श्री गणेशाय नमः ॥ ॐ श्री सद्गुरवे नमोनमः ॥

પ્રારંભ.

॥ ताः शृणुध्वं महाभागाः समाहित धियोऽनिशम् ॥
॥ गते कृष्णे स्वनिलयं प्रादुर्भूतो यथा कलिः ॥ १ ॥

દ્વાપરના અંતમાં શ્રીકૃષ્ણ પરમાત્મા સ્વધામ પધાર્યા તે પછી આ સનાતન વૈદિક ધર્મથી વિરૂદ્ધ અનાચારના પ્રકાશરૂપ, કલિકાલની ઉત્પત્તિ શી રીતે થઇ. તે તમે સૌ સાવધાન થઇને શ્રવણ કરો.

॥ प्रलयान्ते जगत्स्रष्टा ब्रह्मा लोकपितामहः ॥
॥ ससर्ज घोरं मलिनं पृष्ठदेशात् स्वपातकम् ॥ २ ॥

પ્રલયકાલના અંતે આ જગતના ઉત્પન્નકર્તા અને સર્વ લોકના પિતામહ જે બ્રહ્મા તેમણે પોતાની પીઠના પાસામાંથી અત્યંત ઘોર મલિન એવા સ્વપાતક રૂપ પાપને ઉત્પન્ન કીધું.

॥ स चाधर्म इति ख्यातस्तस्य वंशानुकिर्त्तनात् ॥
॥ श्रवणात्स्मरणा ह्लोकः सर्व पापैः प्रमुच्यते ॥ ३ ॥

તે સ્વપાતક રૂપ પાપ "અધર્મ" એ નામથી પ્રસિદ્ધ થયું તેના વંશનુ કિર્ત્તન, શ્રવણુ, અને સ્મર્ણુ કરવાથી, જનસમુહ સર્વપાપમાંથી મુક્ત થાય છે. અર્થાત્ કલિના વંશરૂપ લક્ષણો જાણી તેથી જે માણસો મુક્ત રહે તે ખરેખર મુક્ત દશાને પામે એ નિસંશય છે.

॥ अधर्मस्य प्रियारम्या मिथ्या मार्जार लोचना ॥
॥ तस्य पुत्रोऽति तेजस्वी दंभः परम कोपनः ॥ ४ ॥

મનને અત્યંત રમાડનારી, બિલાડીના જેવી ક્રૂર દષ્ટિવાળી એવી આ અધર્મની એક "મિથ્યા"- નામની સ્ત્રી છે. અને તેનાથી અત્યંત તેજસ્વી અને સ્વભાવે ક્રોધી એવો "દંભ" નામનો પુત્ર છે.

॥ स मायायां भगिन्यांतु लोभं पुत्रंच कन्यकाम् ॥
॥ निकृतिं जनयामास तयोः क्रोधः सुतोभवत् ॥ ५ ॥

એ દંભે પોતાની બ્હેન માયાના સંગથી "લોભ" નામનો પુત્ર અને "નિકૃતિ" એટલે દુષ્ટતા નામની એક કન્યા ઉત્પન્ન કરી. આ લોભ અને દુષ્ટતાના સંગથી તેનો ક્રોધ નામનો પુત્ર પણ ઉત્પન્ન થાય છે.

॥ स हिंसायां भगिन्यांतु जनयामास तं कलिम् ॥
॥ वामहस्त धृतोपस्थं तैलाभ्यक्तां जनप्रभम् ॥ ६ ॥

આ ક્રોધની હિંસા નામની બ્હેનના સંગથી "કલિ" નામનો પુત્ર ઉત્પન્ન થતો હવો. આ કલિએ પોતાના ડાબા હાથમાં ઉપસ્થ (ગુહ્યેન્દ્રિય) ધારણુ કરેલું છે. (અર્થાત્ વિષયવાસનાની વૃદ્ધિ સમ-

જાવે છે) અને તેના શરીરની આકૃતિ તેલમાં મેળવેલા કાજળના જેવી કાળી થઇ છે, (અર્થાત્ તે ચીકણા કાજળના જેવાં કાળાં કર્મ કરનારો છે.)

॥ काकोदरं करालास्यं लोलजिह्वं भयानकम् ॥
॥ पूतिगंधं द्युतमद्य स्त्रीसुवर्ण कृताश्रयम् ॥ ७ ॥

આ કલિનું કાગડાના સરખું પેટ (અર્થાત્ છીદ્ર શોધન બળ જેમાં રહ્યું હોય એવું) ભયંકર સરખું મુખ (અર્થાત્ ભય ત્રાસના દર્શન સરખું) અને લસલસ કરતી જીભ (અર્થાત્ સર્વ ભક્ષીભાવ) સાથે તેનો આકાર પણ ભયાનક હતો. વળી તેના શરીરમાંથી સડી ગયેલા પદાર્થની ગંધ જેવી દુર્ગંધ નીકળતી હતી. અને તેનો દ્યુત (જુગાર, સોગટાંબાજી, પાનાં, પૈસા સરત વિગેરે) રમનારના હૃદયમાં તેમ મદ્ય એટલે દારૂ પીનારના હૃદયમાં તેમ સ્ત્રીઓના હૃદયમાં અને સુવર્ણનામક ધાતુમાં નિવાસ થયો.

॥ भगिन्यांतु दुरुक्त्यांस भयं पुत्रं च कन्यकाम् ॥
॥ मृत्युं स जनयामास तयोश्च निरयोऽभवत् ॥ ८ ॥

આ કલિએ પોતાની બ્હેન દુરૂક્તિના (એટલે સામા પુરૂષને કડવી વિષ જેવી લાગતી દુષ્ટ વાણી) સંગથી “ **ભય** ” નામનો પુત્ર અને “ મૃત્યુ ” નામની કન્યાને જન્મ આપ્યો એ ભય અને મૃત્યુના સંયોગમાં નિરય (એટલે નરક) નામનો પુત્ર સંભવે છે.

॥ यातनायां भगिन्यांतु लेभे पुत्रायुतायुतम् ॥
॥ इत्थं कलिकुलेजाता बहवो धर्म निंदकाः ॥ ९ ॥

આ નિરય (નરક)ની “ **યાતના** ” નામની એક બ્હેન હતી.

તેના સંયોગવડે હજારો હજારો પુત્રો ઉત્પન્ન થયા છે. અર્થાત્ અનેક દુષ્ટ વાસનાઓના બળરૂપ પુત્રો થાય છે–એ પ્રમાણે કલિના કુળમાં સઘળાજ સનાતન વૈદિક ધર્મ સિદ્ધાન્તોના નિંદકો જ જન્મ પામ્યા ગણાયા છે.

॥ यज्ञाध्ययनं दानादि वेदतंत्र विनाशकाः ॥
॥ आधिव्याधिं जराग्लानि दुःख शोक भयाश्रयाः ॥१०॥

ઉપર બતાવેલા કલિના અધર્માચાર રૂપ વંશજો સનાતન ધર્મ નિંદક સ્વભાવથી યજ્ઞ, વેદાધ્યયન, દાન (ઉદારતા) આદિ સ્વધર્મો અને વેદ શાસ્ત્રાદિનો વિનાશ કરવા લાગ્યા. અર્થાત્ સનાતન ધર્મ મર્યાદાથી ઉલટ ગતી પ્રસરાવવા લાગ્યા. તથા આધિ, વ્યાધિ, વૃદ્ધાવસ્થા, ગ્લાનિ, દુઃખ, શોક અને ભય એ સર્વેને આશ્રય રૂપ થતા ચાલ્યા—

॥ कलि राजानुगाश्चेरुर्युथशो लोकनाशकाः ॥
॥ बभूवुः कालविभ्रष्टाः क्षणिकाः कामुका नराः ॥ ११ ॥

કલિરાજાના અનુચરોનાં ટોળેટોળાં ઉપર વર્ણવેલા સનાતન ધર્મ મર્યાદાવાળા જનસમુહની સ્વધર્મ બુદ્ધિ આદિ સત્કર્મ શ્રદ્ધા ભક્તિ આદિનો નાશ કરવાને સંસારમાં વિચરવા લાગ્યા અને સંતાપવા લાગ્યા. એમ કલિકાળનો પ્રારંભ થતાંજ અને સત્ય ધર્મથી ભ્રષ્ટ થતાં જનસમુહ અલ્પાયુષી થયો. એટલુંજ નહિં પણ દિવસે દિવસે વિષય વ્યાપારની વૃદ્ધિ રૂપ કામી થતો ચાલ્યો–

॥ दंभाचार दुराचारा स्तातमातृ विहिंसकाः ॥
॥ वेदहीना द्विजादीनाः शूद्र सेवापराः सदा ॥१२॥

કલિના સમયમાં જનસમુહ અત્યંત દંભી એટલે બહારના વેષથી

પોતાને ધર્મી મનાવવાનો પ્રયત્ન કરનારા, અને અંતરથી દુરાચાર યુક્ત, તથા માતા પિતાની હત્યા કરવાવાળા થયા. અર્થાત્ માતા પિતાનો અમુલ્ય ઉપકાર વિસરી તેમના તરફ ક્રુર બુદ્ધિથી પોતાનું વર્ત્તન ચલાવવાવાળા થયા. વેદ ભણવો એ બ્રાહ્મણોનું અવસ્ય કર્તવ્ય છે. મનુ મહારાજ લખી ગયા છે કે, બ્રાહ્મણોએ વેદ એટલે મંત્ર અને બ્રાહ્મણ ઉપનિષદ્ સહિત વેદનું અધ્યયન કરવું. વેદનું અધ્યયન ન કરવાથી બ્રાહ્મણપણાથી ભ્રષ્ટ થાય છે. જે બ્રાહ્મણો વેદ ભણતા નથી, અને બીજા પરિશ્રમ કરે છે. તે જીવતાંજ પોતાના વંશસહિત શૂદ્રપણાને પામે છે. અર્થાત્ તેઓની શૂદ્ર બુદ્ધિજ થાય છે. આમ વેદશાસ્ત્ર કહે છે. છતાં કલિના બ્રાહ્મણો વેદ શાસ્ત્રાદિથી અજ્ઞાત રહી અત્યંત દરિદ્રતાને પ્રાપ્ત થઇ શૂદ્રપ્રાય શૂદ્રજનોની સેવા કરવા લાગ્યા.–

॥ कुतर्कवाद बहुला धर्मविक्रयिणोऽधमाः ॥
॥ वेद विक्रयिणो व्रात्या रसविक्रयिणस्तथा ॥ १३ ॥
॥ मांसं विक्रयिणः क्रुराः शिश्नोदर परायणाः ॥
॥ पर दार रतामत्ता वर्णसंकरकारकाः ॥ १४ ॥

ઉપર વર્ણવેલા અનાચારી દુરાચારી અધર્મિ બ્રાહ્મણો વેદ શાસ્ત્ર પુરાણો વિરૂદ્ધ કુતર્ક વાદો વદવા લાગ્યા. અને અધમાધમ બુદ્ધિ વિચારથી ધર્મ વેચવા લાગ્યા. એટલુંજ નહિં પણ વેદાધ્યયનનું ફળ અમુક રૂપીઆના સાટે આપવા લાગ્યા. વળી બ્રાહ્મણના બાળકને સોળ વર્ષ સુધી આપત્કાળ માની ઉપવિત સંસ્કાર કરવો યોગ્ય છે. ક્ષત્રીઓને વીશથી બાવિશ–અને વૈશ્યને ચોવીસ વર્ષની ઉંમર થતા સુધી આપત્કાળ માની યજ્ઞોપવિત આપવું. આ સમય પછી જો સંસ્કાર થાય તો–વ્રાત્ય સંસ્કાર કહેવાય છે. અને તે પતિત ગણાય છે. તેમ

જ કલિકાલમાં વેદમર્યાદાનો ત્યાગ કરી બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્યો વ્રાત્ય સંસ્કારરૂપ બન્યા—કેટલાએક ક્ષત્રી બંધુઓમાં તથા વૈશ્ય બંધુઓમાં સંસ્કાર જ કરતા નથી. અને ઉપવિત પણ ધારણ કરતા નથી. એવો કાળ આવી લાગ્યો છે કે જે પ્રત્યક્ષ કલિકાલ સિદ્ધ દર્શન આપે છે. વળી બ્રાહ્મણો મીઠું, ગોળ, દુધ વિગેરે રસનો વેપાર કરવા લાગ્યા. અને તેથી પોતાની આજીવિકા ચલાવવા લાગ્યા. માંસ વેચવા લાગ્યા એટલે પ્રત્યક્ષ પોતાની દીકરીઓ રૂપી હીરો વટાવી હજારો રૂપીઆ લેવા લાગ્યા. એ માંસ વિક્રયજ છે. તેમ બ્રાહ્મણો સાત્વિક વૃત્તિનાજ હોવા જોઇએ—તે તમો ગુણી ક્રુર બુદ્ધિના થયા. તેમ અત્યંત વિષય વિલાસી કામાંધ તથા ઉદર પોષણાર્થ તત્પરતા સેવવા લાગ્યા. યૌવન, ધન, ગર્વથી મદમસ્ત બની પર સ્ત્રીઓમાં આસક્ત રહેવા લાગ્યા. અને ધર્મ મર્યાદાનો પતિ પત્નિ ભાવ ઐકય સંબંધ તૂટતાં વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થવા લાગી.

॥ ह्रस्वाकाराः पापसाराः शठा मठनिवासिनः ॥

॥ षोडशाब्दायुषः स्याल बांधवा निच संगमाः ॥ १५ ॥

આ કલિકાલમાં માણસોના આકાર પણ ન્હાના થયા. ન્હાના હાથ ન્હાના પગ અને ન્હાના લખોટી સરખા માથામાં ટુંક જ્ઞાનતંતુઓથી ધર્મબળ નાશ પામતાં પાપ પ્રપંચથી યુક્ત થયા. શઠજનો મઠમાં નિવાસ કરવા લાગ્યા. સોળ સોળ વર્ષનાં આયુષ્ય ગણાવા લાગ્યાં. બાંધવ વર્ગમાંથી બાંધવભાવ નાશ પામી સાળાઓમાં બાંધવભાવ મનાવા લાગ્યો. અને નીચ બુદ્ધિવાળા—પ્રપંચી દાંભી, નિંદક, પાપી, દુરાચારી, કંજુસ આદિ નિચ કર્મોમાં આગેવાની ધારણ કરનાર નિચજનોની સોબત કરવા લાગ્યા.

॥ विवाद कलह क्षुब्धा: केश वेश विभूषणाः ॥
॥ कलौ कुलीना धनीनः पूज्या वार्ध्धुषिका द्विजाः ॥१६॥

શાસ્ત્રાનુભવ ન જાણનારા વિવાદ કરવા લાગ્યા. ઘરોઘરમાં ક્લેશ દેખાવા લાગ્યો. માથા ઉપર વાળના ગુચ્છાઓ રાખવામાં અને સારા પોષાકો ધારણ કરવામાં અત્યંત આસક્ત બન્યા. અન્ય યુગોમાં સદ્‌ગુણુસંપન્ન શુદ્ધ પવિત્ર કુટુંબમાં જન્મ પામેલા સદ્‌વિદ્યાવાન કુલવાન ગણાતા હતા. પણ આ કલિકાલમાં તો માત્ર ધનવાન પુરૂષોજ કુલવાન ગણાવા લાગ્યા. અને બ્રાહ્મણો વ્યાજુકો ધંધો કરવાથી જે પતિત ગણાતા હતા. તે હવે પુજ્ય એટલે પૂજવા લાયક ગણાવા લાગ્યા. એટલે વ્યાજે નાણું ધીરનાર હોવાથી તેમાં પુજ્ય બુદ્ધિ અંગીકારાઇ છે.

॥ संन्यासिनो गृहासक्ता गृहस्थास्त्वविवेकिनः ॥
॥ गुरुर्निदापराधर्मध्वजिनः साधु वंचकाः ॥ १७ ॥

સંન્યાસી (ચતુર્થાશ્રમી) કે જેઓ વિદ્યા અવિદ્યા અને તેના કાર્ય રૂપ વ્યષ્ટિ સમષ્ટિ રૂપ જગતને હૃદયથી અનુભવ સહિત અહંમમતાના ત્યાગ સાથે કુલ વ્યવહારથી વિરક્ત કહેવાય છે. તે પુરૂષો આ કલિકાલમાં ગૃહસ્થ ધર્મના ભોગ પદાર્થોમાં આસક્ત બન્યા. અર્થાત્ સ્ત્રી પુત્ર ધનાદિકથી આસક્ત રહેવા લાગ્યા. વળી ગૃહસ્થ પુરૂષો વિવેક સંપત્તિથી યુક્ત હોવા જોઇએ તેને બદલે અવિવેક કોષના અધિપતિ બન્યા. જેઓ આ સંસાર સાગરની નૌકારૂપ છે સદાએ હિતસ્વી છે. મહા અજ્ઞાન બુદ્ધિનો વિધ્વંસ કરવાને બોધરૂપ શસ્ત્ર ધારણ કરી પોતાના શિષ્યો વા અનેક ભક્તોના સંતાપનો વિનાશ કરતા નાણા છે—તેવા લોક કલ્યાણાર્થે વિચરતા ગુરૂ પરમાત્મા

સંતજનોની નિંદા કરવા લાગ્યા. અને અહં મમતાથી યુક્ત અનેક વાસનાઓના દુર્ગંધી વિચારોથી યુક્ત અને સંસાર વ્યવહારના ભોગ્ય સ્ત્રી પુત્ર ધનાદિ પદાર્થોની આસક્તિ વાળા જનો અત્યંત પાખંડ બુદ્ધિથી પોતાને સ્વધર્મવાન ગણાવી સાધુજનોને પણ ઠગવા લાગ્યા.

॥ प्रतिग्रहरताः शूद्राः परस्वहरणादराः ॥
॥ द्वयोः स्वीकारमुद्वाहः शठे मैत्री वदान्यता ॥ १८ ॥

જે લોકો દાન લેવાના અધિકાર વાળા નથી એવા શુદ્ર લોકો દાન લેવા લાગ્યા. અને પરધન હરણ કરવા લાગ્યા. અર્થાત્ ચોરીઓ કરવા લાગ્યા.વળી **આ કલિયુગમાં સ્ત્રી અને પુરૂષ એ બેની પરસ્પર સંમતિ અર્થાત્ એકબીજાનો સ્વિકાર તેજ લગ્ન થયું** એમ માનવા લાગ્યા. (જુઓ અત્યારે પ્રત્યક્ષ સિદ્ધાંત કલિનો પ્રચાર દેખાય છે.) શઠ એટલે હૃદયના કંગાલ કૃપિણ પુરૂષોની મૈત્રી કરવા લાગ્યા–આપેલું પાછું લેતા જાય. અને લોકોમાં પોતાને દાનેશ્વરી ગણાવા લાગ્યા.

॥ प्रतिदाने क्षमाशक्तौ विरक्तिः करणाक्षमे ॥
॥ वाचालत्वं च पाण्डित्ये यशोर्थे धर्म सेवनम् ॥१९॥

શિક્ષા કરવાને અસમર્થ પુરૂષો ક્ષમાવાન છું એમ બતાવવા લાગ્યા. જ્યારે સંસાર ભોગ્ય પદાર્થોથી અશક્તિવાન થાય. અર્થાત્ જ્યારે વૃદ્ધાવસ્થા થાય ત્યારે પોતાને વૈરાગ્યવાન મનાવા લાગ્યા. શાસ્ત્ર વિરૂદ્ધ વેદવિરૂદ્ધ અત્યંત વાચાલ કુતર્કોથી પોતાના હૃદયને ભ્રમિત કરી અને એવા એવા કુતર્કોથી પોતાને પંડિત મનાવવા લાગ્યા, અને દાન કરવાની પદ્ધતિ યશ મેળવવાની આશાએજ કરવા લાગ્યા. અર્થાત્ ધર્મ મર્યાદાથી ધર્મ સંરક્ષણરૂપ જે ગુપ્ત દાનોની પદ્ધતિ કે જે ધર્મ

સંસ્થાઓને ચલાવવારૂપ હોય. ત્યાં પોતાને જેવી જોઇએ તેવી સદ્કિર્તિ મળવાની નથી. વા પોતાના કરેલા દાનને લોક જાણુવાના નથી. એવી કેવળ સ્વધર્મ સંસ્થાઓને મદદ ન કરતાં અને ત્યાં દાન ન આપતાં લોકકિર્તિના આડંબરથી યુક્ત જ્યાં પોતાને માન અકરામથી વધાવી લેવામાં આવતા હોય એવા સ્થાને પોતાનું દાન માનવા લાગ્યા. અને તેને ઉત્તમ ગણુવા લાગ્યા.

॥ धनाढयत्वं च साधुत्वे दूरे नीरे च तीर्थता ॥
॥ सूत्र मात्रेण विप्रत्वं दण्ड मात्रेण मस्करी ॥ २० ॥

આ કલિકાલમાં ધનવાન હોય તેજ સાધુચરીત્ર વાળો ગણાય. જે નદી દૂર હોય તેજ તીર્થરૂપ ગણાય. તેમજ માત્ર યજ્ઞોપવિત (બ્રહ્મસુત્ર) ધારણ કર્યું હોય તો તે બ્રાહ્મણ ગણાય. અને માત્ર દંડ ધારણ કરવાથીજ સંન્યાસી ગણાવા લાગ્યા. અર્થાત્ ધનના મોહથી વિરક્તતા, (ઉદારતા) સચવાતી નથી છતાં ધનવાનથી સ્વાર્થ માનીને વા તેના રોફથી અંજવાઇને તેમનેજ સાધુ ચરીત્ર વાળા માનવા લાગ્યા. પોતાના નગ્રને ઝાંપે તીર્થ હોય પણુ તેમાં પ્રિતી ન થાય. પોતાના નગ્રમાં અને પોતાના દેશના સાધુ ચરીત્રથી ભરપુર યોગી વસતા હોય તો તેના સ્થાન જાતને જાણુતા હોવાથી તેમાં પ્રિતી ન રાખે. અગર દૂર દેશના વાચાલ અને માત્ર પાંડિત્ય બતાવવાવાળાને મહાયોગી જાણે. અને ત્યાંજ ઠગાય અને દેશના અત્યંત પવિત્ર સાધુની ગણુના પણુ ન રાખે. વિદ્વાન બ્રાહ્મણોનો હિસાબ નહીં. માત્ર જનોઇથીજ બ્રાહ્મણસંજ્ઞા રહેવાની. કેમકે હવેના બ્રાહ્મણો વેદવિદ્યા ભણુશેજ નહીં એટલે બ્રાહ્મણુત્વ એટલે બ્રહ્મસ્વરૂપને જાણુવાપણું તે નષ્ટ થતાં થતાં અંતે જનોઇ ઉપરજ બ્રાહ્મણુપણું દીસવા લાગ્યું છે.

ब्रह्मवित् स एव ब्राह्मण इति અર્થાત્ આ શ્રુતિ અનાદરરૂપ થઇ પડી. તેમ વિરક્તતા, અદ્વૈતતા, અભેદતા, આત્મતા વિગેરે ઉત્તમ ગુણોથી યુક્ત સંન્યાસીની યોગ્યતાનો લોકોને વિચાર આવવાનો નથી. અને તેવા ઉત્તમ ગુણો સંન્યાસીઓ ધારણ કરવાના પણ નહિં. માત્ર દંડથીજ પોતાને સંન્યાસી ગણાવશે. જે આશ્રમ વૈર–રાગ દ્વેષ, માનાપમાન, હર્ષશોક, દ્વૈતભાવ, સુખદુઃખ, અહંમતા વિગેરે દ્વંદ્વોથી રહિત છે. તેજ આશ્રમના માણસો એટલે સંન્યાસીઓ તે દુર્ગુણોયુક્ત ક્લેશીઓ, ક્રોધીઓ, તેજદ્વેષીઓ, દુરાચરણીઓ દેખાવા લાગ્યા છે. આ દંડ તે માત્ર "**જ્ઞાનદંડ**"ને ધારણ કરનાર છે. એમ સમજાવે છે. અને તેમજ પરમહંસ ઉપનિષદમાં છે. છતાં તે જ્ઞાનદંડ હવે મુકાઇને કાષ્ટદંડ માત્ર દ્વૈતાભાસ ધારણ કરવારૂપે દર્શનીક થાય છે. એ ઘણુંજ ખેદકારક છે.

॥ अल्पशस्या वसुमती नदीतीरेऽवरोपिता ॥

॥ स्त्रियो वेश्यालापसुखाः स्वपुंसात्यक्त मानसाः ॥ २१ ॥

કલિકાળમાં પૃથ્વી બહુજ થોડો પાક આપવા લાગી, અનાવૃષ્ટિ થવાથી નદીઓ માત્ર તીરમાં વહેવા લાગી. તેમજ સારા કુલની સ્ત્રીઓ વેશ્યાના જેવા વિચારો, પહેરવેષ, અને વાતોથી પોતાને સુખી માનવા લાગી. અને પોતાના પતિ ઉપરનો પ્રેમ ત્યાગ કરી પરપુરૂષમાં ધારણ કરવા લાગી.

॥ परान्न लोलुपा विप्राश्चाण्डाल गृहयाजकाः ॥

॥ स्त्रियो वैधव्यहीनाश्च स्वच्छंदाचरण प्रियाः ॥ २२ ॥

આ કલિકાલમાં બ્રાહ્મણો પરાન્ન ખાવાની લાલસાવાળા અને શુદ્ર અતિશુદ્ર અને નિચ યોનીના ચાંડાલાદિકને ત્યાં યજ્ઞ કરાવનાવાળા

થયા. વિધવા સ્ત્રીઓ વિધવા ધર્મનો (મનુ સ્મૃતિમાં લખેલો) ત્યાગ કરી વિધવાને ન છાજે એવાં શાસ્ત્ર વિરૂદ્ધ અને મોહપ્રકાશક મોહ વૃદ્ધિરૂપ વસ્ત્રાદિકો વિગેરે ભૂષણો ધારણ કરવા લાગી. અને સ્વેચ્છા સ્વચ્છંદાચરણથી પોતાનું વર્તન રાખવા લાગી.

॥ **चित्रवृष्टि करामेघा मंदशस्या च मेदिनी** ॥

॥ **प्रजाभक्षा नृपालोकाः करपीडा प्रपीडिताः** ॥ **२३** ॥

મેઘરાજા વિચિત્ર વૃષ્ટિ કરવા લાગ્યા. અર્થાત્ નિયમીત વૃષ્ટિનો વિલય થયો. કોઇ દેશમાં વધારે અને કોઇ સ્થાને બીલકુલ નહિં. એમ થવા લાગ્યું. તેથી પૃથ્વી નિર્વીર્યરૂપે થોડુંજ અન્ન આપવા લાગી. એક બાજુથી આમ થયું અને બીજી બાજુએથી રાજાઓ પ્રજાભક્ષી થયા, અને લોકોને માથે નાના પ્રકારના વિચીત્ર કરો નાખી પ્રજાને પીડવા લાગ્યા.

॥ **स्कंधेभारं करेपुत्रं कृत्वा क्षुब्धाः प्रजाजनाः** ॥

॥ **गिरिदुर्गं वनंघोर माश्रयिष्यंति दुर्भगाः** ॥ **२४** ॥

આ કલિકાળમાં દુર્ભાગી પ્રજા અત્યંત ત્રાસ પામતી થકી ખભે ભાર લાધી આંગળીએ પુત્રને વળગાડી દુર્ગમ પર્વતોની ખીણોમાં અને ઘોર જંગલમાં ભટકવા લાગી. અર્થાત્ આ કલિકાલમાં પ્રજા બહુજ હાડમારી ભોગવવાવાળી થઇ.

॥ **मधुमांसैर्मूल फलैराहारैः प्राणधारिणः** ॥

॥ **एवं तु प्रथमे पादे कलेः कृष्णाविनिंदकाः** ॥ **२५** ॥

અને તેવા સ્થાનોમાં નિવાસ કરતી આ કલિકાલની હીનભાગી પ્રજા, દારૂ, માંસ, મૂળ, ફળ વિગેરેના આહારોથી પોતાના પ્રાણ ધારણ કરવા લાગી. અર્થાત્ નિર્વાહ ચલાવવા લાગી.

આવી રીતે કલિયુગના પ્રથમ પાદમાં પ્રજાની આવી દુર્દશા થઇ. અને કૃષ્ણ પરમાત્માની નિંદા કરવા લાગી. અર્થાત્ પરમાત્માનું અને પરમાત્માના જ્ઞાનને સમજાવનાર મહાત્મા સંતપુરૂષો કે જેઓ પરમાત્માના અંશરૂપ અવતારીક ગણાય છે તેઓની નિંદા કરવા લાગી.

॥ द्वितीयेतन्नामहीना स्तृता वर्णसंकराः ॥
॥ एक वर्णाश्चतुर्थेच विस्मृता च्युतसत्क्रियाः ॥ २६ ॥

કલિના પ્રથમ ચરણમાં ઉપર પ્રમાણે દશા થઇ. પણ જ્યારે બીજો પાદ ધારણ કરે ત્યારે તો પ્રભુનું નામ સ્મર્ણ પણ બંધ થઇ જવાનું—અને ત્રીજા પાદમાં તો પ્રજા વર્ણસંકર એટલે જાતિ વર્ણાદિક સંસ્કારહીન ગમે તે જાતીના પુરૂષથી ગમે તે જાતીની સ્ત્રી પ્રજા ઉત્પન્ન કરવા લાગી જવાની—છેલ્લે ચોથા પાદમાં સર્વ એક વર્ણજ. થતાં પરમાત્માની આરાધના કેવલ વિસારી દેહાધ્યાસમય દેહબુદ્ધિથીજ દેહરૂપ થઈ જવાની. અર્થાત્ કલીના ચાર પાદ પુરા થતાં પરમાત્માનું નામ પણ કોઈ લેનાર નથી. એમ જુજ જુજ લક્ષણો તો અત્યારથીજ દેખાવા લાગ્યાં છે. સત્ક્રિયા તો રહેવાનીજ નથી અને તેનો પાયો મંડાયો છે કે, સ્નાન સંધ્યાનું ઊઠવણું થતું ચાલ્યું છે. ઉપાસના તો કોઈ સમજતાજ નથી અને જ્ઞાન વિષય સમજવો બુદ્ધિમાં દુર્ગમ થઇ પડ્યો છે. ઇશ્વરના સ્વરૂપમાં અને નામમાં આગ્રહ દેખાવા લાગ્યો છે. સંતસમાગમમાં પ્રીતી નથી. સંતપુરૂષોમાં ઇશ્વરસ્વરૂપ ભાવના બંધાતી નથી. તેમના બોધને ગ્રહણ કરવા યોગ્ય પોતાની બુદ્ધિ ન હોવાથી, પ્રેમ લાગતો નથી. પણ ઉલટા તેથી વિરૂદ્ધ આવી તેમની ભુલો કાઢવા તૈયાર થાય છે. તેમની નિંદા કરે છે. અને પો-

તાની કસુરો અને દેહાધ્યાસ છોડવો ગમતો નથી. આવી આવી વિચિત્રતાનાં દર્શન થવા લાગ્યાં છે. એટલે અત્યારે કોઇ વ્યક્તિને વિશેષણ લગાડવાની જરૂર નથી. પણ અનાચારો, સ્વચ્છંદ વૃત્તિઓ, અને અધર્માધપણું કેટલું બધું વૃદ્ધિ પામ્યું છે. તે સર્વ લોકને વિદિતજ છે.

ગરૂડપુરાણના યુગધર્મ પ્રકરણમાં લખ્યું છે કે—

यदा सदाऽनृतं तन्द्रा-निद्राहिंसा विषादनम् ॥
शोक मोहं भयं दैन्यं स कलिस्तु तदा स्मृतः ॥

જ્યારે મનુષ્યોમાં સદાએ મિથ્યાભાષણ, આલસ્ય, નિદ્રા, પશુઓ આદિની હિંસા, અથવા મહત્ પુરૂષોની નિંદા, (એ પણ એક પ્રકારની હિંસા કહેવાય છે) મદ્યપાન, નિર્બલ જીવોને તાડન કરવું, શોક, મોહ, ભય, દીનતા અધિકાધિક વૃદ્ધિ પામતી ચાલે તે સમયે કલિ આવ્યો એમ જાણો. એટલે આવા અધર્માચારનેજ કલિકાલરૂપે વર્ણવ્યો છે એ સ્વતઃસિદ્ધ છે. કલિના આ અધર્માચાર એજ અન્ધકારદશાનો અનુભવ છે. ધર્મમર્યાદામાર્ગ ઢંકાય તે અધર્મ અંધકારને લીધે સમજાય નહિં. એટલે કલિ અન્ધકારરૂપ છે. એમ કહેવાને દોષ નથી. એટલે કલિમર્યાદામાં લુંટાયલા પુરૂષો અન્ધકારને પ્રાપ્ત થયા છે એમ જાણો. પણ આટલાથીજ હવે આગળ કાંઇ કરવાનું નથી એમ જાણવું નહીં. જેમ રાત્રીના અંન્ધકારમાં સુજ્ઞપુરૂષો ઘરોમાં દિપક પ્રકટાવે છે. અને રાત્રીના વખતમાં પણ પોતાનું કાર્ય કરે છે. તેમ જીવન્મુક્ત જ્ઞાનના વિલાસીપુરૂષો પરમાત્માના સ્વરૂપને જાણવાની અપેક્ષાએ આ કલિકાલ રાત્રીના અંધકારમય અનાચારને ટાળવા માટે હૃદયમાં સનાતનધર્મરૂપ દિપકને સળગાવી અજવાળું પાડી પ્રભુનાં દર્શન કરે છે. અંધારી રાત્રીમાં ચોર, ઘુવડ આદિનું બળ હોય છે, પણ ચાંદની રાત્રીમાં તે

લોકોનું જોર રહેતું નથી એ પ્રત્યક્ષ સિદ્ધ છે. પ્રજાના સંરક્ષણને માટે તોફાની લોકોથી બચાવવા, લુંટારૂઓને પકડી શિક્ષા કરવા માટે સરકારને પણ પોલીસથી બંદોબસ્ત રાખવો પડે છે. તેમ પોતાની જીવન્મુક્તિના સંરક્ષણને માટે તથા કામ ક્રોધાદિક તોફાનીઓથી બચાવવા અને અનાચાર, દુરાચારાદિ લુંટારૂઓથી જાગ્રત રાખવા માટે સનાતનધર્મના સિદ્ધાન્તરૂપ પરમાત્મા સ્વરૂપ નૃપતિએ પોલીસ રાખેલા છે અને તેથીજ બચાવ થાય છે. લગ્નસરામાં રાત્રીને દિવસ જેવા પ્રભાવવાળી કરવી પડે છે–ત્યારે કામ ચાલે છે એમ જીવન્મુક્ત સ્થિતિમાં અંધકારના લયરૂપ સતક્રિયા કરવીજ જોઇએ કે પોતાનું કાર્ય સજીવન રહે. વળી કલિયુગને માટે હિન્દુ ધર્મશાસ્ત્રકારોનો મત છે કે,

कलिः शयानोभवति संजिहानस्तु द्वापरः ॥
उत्तिष्ठं स्त्रेताभवति कृतं संपद्यते चरन् ॥

ऐतरेय. ब्रा. पं. ७ अ० ३ खं. ५.

આ શ્રુતિના આધારે મનુસ્મૃતિમાં પણ લખ્યું છે કે જ્યાંસુધી કોઇ જાતી વા મનુષ્ય સમુદાય પોતાના સ્વરૂપ વા કર્ત્તવ્યને ભુલતો થકો અજ્ઞાન અંધકારની ઘોર નિદ્રામાં સુઇ રહે છે. અને તેને કશી ગમ નથી કે હું કોણ છું. અને કઇ દશામાં પડ્યો છું. ત્યાંસુધી જાણજો કે તે કલિયુગ સ્વરૂપજ છે. આગળ તે પુરૂષની કાંઇક નિદ્રા ઘટતાં કાંઇક જાગૃતિથી ફરવું હાલવું થાય. અને ઊઠવાના વિચાર અંકુરિત થતાં ઊઠવાની ઇચ્છા કરે તે સમયે દ્વાપરયુગ છે એમ જાણો અને તે એટલાજ માટે દ્વાપર ગણાય છે કે મનમાં વિચાર કરે છે કે હજુ પણ કોઇક વખત સુઇ રહું. વળી ઇચ્છે છે કે ચાલ ઊઠવુંજ જોઇએ. એવા કાળને દ્વાપર વર્ણવ્યો છે. આવી

સંદિગ્ધ દશાને લઇને કોશવાળાએ દ્વાપર શબ્દનો અર્થ સંદેહવાચક માન્યો છે અને લખ્યો છે. આગળ કોઇ માણસ ચટ કાર્યનો વિચાર કરનારો ચટ નિદ્રામાંથી જાગૃત થઇ બેઠો થાય. અને હાથ મુખ ધોઈ તૈયારી દાખવે તે કાળ ત્રેતાયુગરૂપ છે. અને તેથી પણ આગળ આવી રીતે ઊઠયા પછી તુરત પોતાના કાર્ય તરફ ઉત્સુકતા ધારી પ્રવર્ત્ત થાય તેજ સત્યયુગ સ્વરૂપ છે. આમ અધિકારી પુરૂષ પોતાની આપે સમજવા લાગે કે " હું કોણ છું " અને તદનુસાર પોત-પોતાના કર્ત્તવ્ય ધર્મમાં સ્વસ્વરૂપાવસ્થારૂપ બની જાય તો આ કલિ-યુગમાં સત્યયુગજ પ્રવર્ત થયો છે એમ જાણો. અને એવીજ રીતે વર્ત્તન ચલાવવાથી સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, આવશે. આથી સિદ્ધ થયું છે કે પોતે જાણવા ચહાતા નથી તો પોતાને માટે કલિયુગ આવેલોજ છે. પણ ઊઠવા જાગવાને લીધે વેદે આજ્ઞા દીધી છે કે (**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत**) આ શ્રુતિ કહે છે કે— ઊઠો, જાગૃત થાઓ, અને શ્રેષ્ટ યોગ્ય જીવન્મુક્ત મહાત્મા સંતપુરૂષ-થી જે જાણવાનું છે તે જાણો. અહિંયાં બે પ્રકારની ક્રિયા વેદ બતાવે છે કે તમો સર્વ વેદાનુયાયી સજ્જન ભક્તજનો ત્રેતા અને સત્યયુગ-નો વર્તાવ કરો. તથા દ્વાપર અને કલિને ત્યાગો એવી દશામાં હિંદુ ધર્મશાસ્ત્ર વેદાદિકનો અભિપ્રાય એવો નિકળે છે કે આપણે લોક કલિયુગને આધિન છીએ. તોપણ સુવું, ઊઠવું, જાગવું એ રૂપી કલિ-યુગાદિ યુગો અમારે સ્વાધીન છે તેથી કલિ અમને પોતાના કર્ત્તવ્યથી કદાપી રોકી શકતો નથી તેથી અમારી મુક્તિ થવામાં પણ કાંઇ શંશય નથી. આવો દૃઢ વિશ્વાસ જો તમને નથી તો પછી સિદ્ધિ શી રીતે પ્રાપ્ત થાય ?? (**स्वयमसिद्धः कथं परान् साधयति**)

પોતેજ અસિદ્ધ છે તો અન્યને શી રીતે સાધશે ??

આ પ્રમાણે કલિયુગમાં પણ ચારે યુગનું પ્રવર્તન છે. પણ સંભાળથી શ્રદ્ધાથી સેવવા વાળા અને દુરાચરણાદિક અસત્ ક્રિયા રૂપ દેહાધ્યાસ મીથ્યા વ્યવહારનો ત્યાગ કરવાથીજ સત્યયુગનો ભાવ પ્રગટ થતાં પરમાત્માનાં દર્શન થાય છે એ નિશ્ચયજ છે.

આ કલિના ચાર પાદ છે. (**चतुष्पात्सकलोधर्म**) **તપ, જ્ઞાન, યજ્ઞ, દાન** આ ચાર ધર્મના પાદ કહેવાય છે. સત્યયુગ ચાર પાદ યુક્તજ છે. ત્રેતા હોય ત્યારે **તપ** પાદ ગુમ થઇ અને ત્રણ રહે છે. દ્વાપર હોય ત્યારે તપ અને જ્ઞાન બે ગુમ થઈ **યજ્ઞ** અને **દાન** બે પાદ રહે છે અને કલિ હોય ત્યારે ઉપરના ત્રણ ગુમ થઇને માત્ર એક **દાન** ધર્મ રહે છે. એટલો પણ **દાન** ધર્મ સિદ્ધ રહે તો પણ બહુજ બલવાન છે પણ હાલના આત્મબંધુઓ તો હવે **દાન** ધર્મ-વિધિનો પણ વિનાશ કરવા બેઠા છે કેમકે હવે તો ધર્મમર્યાદાનાં દાન તો કરવાં ગમતાં નથી પણ કીર્તિદાન કરવાં શરૂ કીધાં છે. દેવાલયો, શિવાલયો, બ્રાહ્મણભોજન આદિ રૂપેનું સંરક્ષણ કરવું યોગ્ય લાગતું નથી, યજ્ઞ કરવા નથી. પણ મોટા મોટા ખીતાબોની લાણી લેવાને દોડતા જાય છે અને ત્યાં લાખો રૂપીઆ લુંટાવે છે. એવી અંધ પ્રવાહમય કીર્તિદાનની મહત્તાને માન્ય કરનારાઓ કેવી ભુલ કરે છે. એ સર્વને જોવાનું છે. જાણજો કે એજ કલિયુગ છે. પણ આ યુગ (કાળ) માં અવતાર ધારણ કરનારા આત્મબંધુઓ ઉપર પ્રમાણે ચારે પાદરૂપી પોતાનો વર્તાવ રાખે તો તે સત્યયુગમાંજ છે એમ નિશ્ચય સમજાશે. સત્યયુગમાં પણ એક પાદ કલિ હતો તેમ કલીમાં પણ

એક પાદ સત્યયુગ છે. જેથી ચારે યુગમાં ચારે યુગ પ્રવર્ત્ત રહે છે. તે સમજનારા બંધુઓ સમજે છે અને તેમ તેમ વર્ત્તન રાખે છે.

આમ કલિયુગના વર્તનરૂપ દુરાચારને સમજીને તેનો સત્વર ત્યાગ કરવાની ઇચ્છા બ્રહ્મવિદ્યા જ્ઞાનના વિલાસી આત્મબંધુઓએ કરવી જોઇએ અને નિત્ય સંતસમાગમમાં રહીને સત્યયુગના સ્વધર્મ જેવા કે દયા, ક્ષમા, આર્જવ, નિતિ, ઉત્સાહ, પરોપકાર, સમદષ્ટિ, નિત્યકર્મ ઉપાસના, વેદાદિ શાસ્ત્રોમાં શ્રદ્ધા, પરમાત્મા એટલે સદગુરુમાં ઐકયતારૂપે સેવા, જીવન્મુક્ત સંતજનોમાં પરમાત્મા સ્વરૂપ માન, ધૈર્યતા, પ્રમાણિકતા, આદિ સત્ધર્મનું સેવન કરવું કે જેથી કલિ સ્વરૂપ રોગનો વિનાશ થતાં વાર લાગવાની નથી.

સમાપ્ત

પ્રભુ સ્તવન.

કલિકાળના અધર્માચારથી રહિત–બ્રહ્મવિદ્યા જ્ઞાનના વિલાસી સંતસમાગમી–કર્મ ઉપાસનાના પ્રેમી બંધુએ જ્ઞાનની પ્રાપ્તિમાં કરેલી પરમાત્માની સ્તુતિ.

રાગ–ઓકુળીયું નાનું ગામડીયું. એ—

હે સદ્ગુરૂ પ્રિયપતિ નાથ નિરંજન હૃદયે કરો નિવાસ;
હૃદયે કરો નિવાસ–પ્રભુજી હૃદયે—
હે સદ્ગુરૂ—ટેક.

ગુરૂ શાસ્ત્ર તણા પ્રતિબોધે તુટયો દેહ બુદ્ધિનો પાશ;
દોરી વિણુ સર્પ ન ભાસે, આ જગ તેમજ પ્રતિભાસ.
હે સદ્ગુરૂ૦ ૧

બુદ્ધિરૂપ ભાસો પોતે તદપી કર્તા બુદ્ધિ પ્રકાશ;
બુદ્ધિ અંતરયામી સાક્ષી બુદ્ધિપતિ સ્વયં પ્રકાશ.
હે સદ્ગુરૂ૦ ૨

છે મનવાણી બુદ્ધિ સારતાનો ઊદધિમાં સમાસ;
થાઉં નિર્ભય શરણુ ગ્રહીને ભવત્રાતા શ્રી અવિનાશ.
હે સદ્ગુરૂ૦ ૩

અધિષ્ઠાન વિચારે જોતાં દિસો એક અન્ય આભાસ;
તન્મયતા થાતાં નિજમાં, હું તું વાણી ઉપહાસ.
હે સદ્ગુરૂ૦ ૪

છે નિગમાગમનો સાર પ્રણુવનું ધ્યાન ધરી વિશ્વાસ;
તદ્દરૂપાત્મક વિલસે છે, ચિન્મય જ્યોતિનો વિલાસ.
હે સદ્‌ગુરૂ૦ ૫

મિષ્ટામૃત ઝરમર ઝરણુંમાં સ્વપ્ને પણ ક્યાં કડવાશ;
બહિરાંતર વાસુદેવ તજીને કોણ કરે આયાસ.
હે સદ્‌ગુરૂ૦ ૬

રહિ પ્રસરી સદ્‌ગુરૂ પાદ પદ્મની સમીર સંગ સુવાસ;
જો મુક્ત પૂર્ણાનંદ સ્વરૂપમાં મકરંદ અતિ હુલ્લાસ.
હે સદ્‌ગુરૂ૦ ૭

ૐ શાન્તિઃ ૩

ૐ શ્રી ગણેશાય નમઃ ॥ ૧ ॥

શ્રીગાયત્રી પુરશ્ચરણાલય (વ) સ્વાનંદોદ્ભવ બુદ્ધિસ્થાન શ્રીગણપતિ મંદિરથી પ્રગટ થયેલાં પુસ્તકોની યાદી.

स्वानंद ब्रह्मविलास पूर्वार्ध.	१—४—०
” ” उत्तरार्ध.	१—४—०
स्वानंद महोदधि.	१—८—०
अद्वैत चिंतामणि.	२—०—०
गुरुगीता सार्थ....	०—४—०
सनातनधर्म भास्कर.	०—६—०
गणेशमहिम्न सार्थ.	०—२—०
जीवन्मुक्त विलास.	०—१—०
प्रणवदर्शन नकशो.	०—२—०
प्रणवदर्शन रहस्य.	०—१—०
ब्रह्मांडवृक्ष.	०—१—०
निरालम्बोपनिषद् सार्थ....	०—८—०
सुबोधसुधा.	०—४—०
कलि दिग्दर्शन	०—२—०
ब्रह्म कर्मोपासना. ...	(દ્વિજોને માટે વિના મુલ્ય.)

મળવાનાં ઠેકાણું:—બ્ર. બ્ર. પૂર્ણાનન્દ સ્વરૂપ મહારાજના મુકામ ઉપરથી તથા શ્રીગણપતિમંદિર-લુણાવાડાથી.